વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના અંતર્ગત

# સાયન્સ સિટીમાં બે દિવસ વિવિધ પર્યાવરણલક્ષી વસ્તુઓનું પ્રદર્શન

ગાંધીનગર, તા.૦૨

દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૫ જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ ૧૯૭૨માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આ વર્ષે તા.૫ જૂન ૨૦૨૩ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ૫૦મી વર્ષગાંઠ ઉજવાશે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીમાં પણ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે પર્યાવરણ દિવસની થીમ **#BeatPlasticPollution** રાખવામાં આવેલી છે. જેના થકી સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટિક પ્રદૂષણના નિકાલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ગુજરાત સાયન્સ સિટીના સાયન્સ પોપ્યુલરાઈઝેશન વિભાગ દ્વારા અવારનવાર જન જાગૃતિ માટે જુદા જુદા પ્રકારના વૈજ્ઞાનિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ત્યારે વિશ્વ પર્યાવરણ દિવસને લઈને ગુજરાત સાયન્સ સિટીમાં પણ ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત તા.૩ અને ૪ જૂને ગુજરાત સાયન્સ સિટીના નોબલ ડોમમાંપ્લાસ્ટિકની વસ્તુઓના વિકલ્પ તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવી અન્ય વસ્તુઓ અને પર્યાવરણને અનુકૂળ વસ્તુઓના ૨૦ જેટલા સ્ટોલ્સનું પ્રદર્શન રાખવામાં આવશે. જેના થકી પર્યાવરણ પ્રત્યે લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ માટે ગુજરાત સાયન્સ સિટી દ્વારા જુદા જુદા વિક્રેતાઓ અને સમૂહો પાસેથી પ્રદર્શનમાં ભાગ લેવા માટેની દરખાસ્તો પણ મંગાવવામાં આવી છે.

વધુમાં પર્યાવરણલક્ષી પ્રદર્શન ઉપરાંત સાયન્સ સિટીના ઓડિટોરિયમ ખાતે પર્યાવરણ દિવસની થીમ આધારિત વક્તવ્યનું પણ આયોજન કરેલ છે. વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૩ની ઉજવણી નિમિત્તે કાર્યક્રમમાં ભાગ લેવા માટે તમામ પર્યાવરણ રસિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



શ્રી જલિયાણ સેવા ગ્રુપ દ્વારા ત્રયોદશી તિથિએ સેક્ટર-૨૪ આંગણવાડીના બાળકોને મઠો-પુરી, સમોસા તેમજ બાળકોને ભાવતી ચોકલેટ આપવામાં આવી હતી.

આજે વટ સાવિત્રીનું વ્રત

# પરિણીત મહિલાઓ પોતાના પતિની લાંબી ઉંમર માટે વટ સાવિત્રીનું વ્રત કરે છે

ગાંધીનગર, તા.૦૨

આવતી કાલે એટલે કે ૩ જૂન, શનિવારના રોજ વટ સાવિત્રીનું વ્રત પરિણીત મહિલાઓ પોતાના પતિની લાંબી ઉંમર માટે રાખશે. આ દિવસે વડની પૂજા કરવામાં આવે છે. આ સાથે તેઓ સુખી વૈવાહિક જીવન અને પતિના સારા સ્વાસ્થ્યની કામના કરે છે.આ દિવસે વટવૃક્ષની પરિક્રમા કરવામાં આવે છે. આ વ્રત મુશ્કેલ ઉપવાસોમાંનું એક છે.





વટ સાવિત્રી ના વ્રતમાં મહિલાઓ હાથ માં સુંદર મહેંદી મુકાવે છે અને સુંદર શણગાર કરીને વડ વૃક્ષ ની પૂજા કરવા જાય છે.

ગાંધીનગર માં પંચદેવ મંદિર ખાતે વહેલી સવારથી જ પરિણીત મહિલાઓની ભીડ જોવા મળે છે. વહેલી સવાર થી જ આખા દિવસ દરમિયાન મંદિર માં ભક્તિ નો મહિમા ચાલે છે.

વટ સાવિત્રી વ્રતનો શુભ સમય - આ વર્ષે જ્યેષ્ઠ પૂર્ણિમા તિથિ ૩ જૂન શનિવારના રોજ સવારે ૧૧.૧૬ કલાકથી શરૂ થઈ રહી છે, જે બીજા દિવસે ૪ જૂન રવિવારની સવારે ૦૯.૧૧ વાગ્યા સુધી ચાલશે.

જ્યેષ્ઠ વટ સાવિત્રી પૂર્ણિમા શુભ યોગ - આ વખતે જ્યેષ્ઠ પૂર્ણિમાના દિવસે રવિ યોગ, શિવ યોગ અને સિદ્ધ યોગ રચાઈ રહ્યા છે.આ ત્રણેય યોગોનો સમય હશે - રવિ યોગ સવારે ૦૫:૨૩ થી ૦૬:૧૬ સુધી, શિવ યોગ સવારથી ૦૨:૪૮ સુધી, ત્યારબાદ સિદ્ધ યોગ શરૂ થશે.

વટ સાવિત્રી કથાઃ-

વટ સાવિત્રી વ્રત કથા અનુસાર, પ્રાચીન સમયમાં કોઈ જગ્યાએ અશ્વપતિ નામના રાજાનું રાજ્ય હતું. રાજાને કોઈ સંતાન ન હતું. રાજાએ સંતાન પ્રાપ્તિ માટે ઘણા વર્ષો સુધી યજ્ઞ, હવન અને દાન કર્યું હતું. જે બાદ સાવિત્રી દેવીના આશીર્વાદથી, તેમને એક અદભૂત છોકરીના પિતા બનવાનું સૌભાગ્ય મળ્યું. રાજાએ તે છોકરીનું નામ સાવિત્રી રાખ્યું હતું.

જ્યારે સાવિત્રી લગ્ન કરવા યોગ્ય બની, ત્યારે તેણે પોતાની પુત્રીને રાજાને દાનમાં આપવાનું વિચાર્યું. રાજાએ તેની પુત્રી માટે યોગ્ય વર શોધવાની જવાબદારી રાજકુમારીને સોંપી હતી. કહેવાય છે કે, એક દિવસ જંગલમાં જતી વખતે રાજકુમારી સાવિત્રીએ એક સુંદર યુવકને જોયો અને તેને પોતાના પતિ તરીકે સ્વીકારી લીધો. એ યુવકનું નામ સત્યવાન હતું. જે રાજા દ્યુમતસેનના પિતા હતા. સત્યવાનનું રાજ્ય શત્રુઓએ છીનવી લીધું, ત્યારબાદ તે જંગલમાં રહેવા લાગ્યો હતો.

જ્યારે રાજકુમારીએ તેનું કારણ પૂછ્યું તો રાજાએ તેની પુત્રીને નારદજીએ કહેલી આખી વાત કહી. બાદ સાવિત્રીએ કહ્યું- આર્ય છોકરીઓ ફક્ત એક જ વાર તેમના પતિ પસંદ કરે છે. સાવિત્રીના કહેવાથી રાજા અશ્વપતિએ સાવિત્રીના લગ્ન સત્યવાન સાથે કરાવ્યા.જે બાદ સાવિત્રી તેના સાસરે પહોંચતાની સાથે જ તેના સાસુ અને સસરાની સેવા કરવા લાગી. આ રીતે સમય પસાર થતો ગયો.

નારદ મુનિએ સાવિત્રીને સત્યવાનના મૃત્યુ દિવસ વિશે પહેલેથી જ કહ્યું હતું. રોજની જેમ સત્યવાન પણ જંગલમાં લાકડા કાપવા ગયો અને સાવિત્રી પણ તેની સાથે ગઈ. સત્યવાન લાકડાં કાપવા ઝાડ પર ચઢવા લાગ્યો, તેને માથાનો દુખાવો થતાં જ તે સાવિત્રીના ખોળામાં માથું મૂકીને સૂઈ ગયો.

આવા સમયે સાવિત્રીએ યમરાજને આવતા જોયા. યમરાજ સત્યવાનનો જીવ પોતાની સાથે લેવા લાગ્યા.સાવિત્રી પણ તેની પાછળ ગઈ.યમરાજે સાવિત્રીને સમજાવવાની કોશિશ કરી કે, આ કાયદાનો નિયમ છે, પરંતુ સાવિત્રી રાજી ન થઈ. યમરાજે સાવિત્રીને અનેક વરદાન આપ્યાં અને સાવિત્રીની જીદ છોડી નહીં. આખરે યમરાજે સત્યવાનનું જીવન પણ પાછું આપવું પડ્યું.

# રાજભવનમાં તેલંગાણા રાજયના સ્થાપના દિવસની ઉત્સાહભેર ઉજવણી

## ગુજરાતીઓનું તેલંગાણાની ઉન્નતિમાં અને તેલંગાણાવાસીઓનું ગુજરાતના વિકાસમાં વિશેષ યોગદાન : આચાર્ય શ્રી દેવવ્રતજી

ગાંધીનગર, તા. ૦૨

ગુજરાત રાજભવનમાં તેલંગાણા રાજ્યના દસમા સ્થાપના દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. ઉજવણીમાં તેલંગાણા અને ગુજરાતની કોલેજોમાં અભ્યાસ કરતા યુવાનોએ પોતપોતાના રાજ્યોના લોકનૃત્યોની ભવ્ય પ્રસ્તુતિ કરી હતી. તેલંગાણાના મૂળવતની, પણ ગુજરાતમાં સેવારત અને સ્થાયી થયેલા નાગરિકો-અધિકારીઓએ આ ઉજવણીમાં ઉમંગભેર ભાગ લીધો હતો.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ અવસરે કહ્યું કે, ભારતના તમામ રાજભવનોમાં આજે તેલંગાણા દિવસની ઉજવણી કરાઈ રહી છે. ઉજવણીમાં તેલંગાણા અને ગુજરાત બંને રાજ્યોના નાગરિકો, કલાકારો, યુવાનો ભેગા મળી રહ્યા છે. આ રીતે પરસ્પર સ્નેહનો તંતુ જોડાય છે, અને બે ભિન્ન પ્રાન્ત, ભિન્ન સંસ્કૃતિ, ભિન્ન ભાષા, ભિન્ન વેશભૂષા, ભિન્ન ખાન-પાન અને ભિન્ન જીવનશૈલીના લોકો એકબીજાનો સ્વીકાર કરીને ભાઈચારાની ભાવનાથી શક્તિશાળી અને ઉન્નત 'એક ભારત'ને 'શ્રેષ્ઠ ભારત' બનાવવા પ્રયત્નશીલ થાય છે, એ જ આ ઉજવણીની સૌથી મોટી ઉપલબ્ધિ છે.

યુવાનો જ ભારતનું ભવિષ્ય છે. આવા વાતાવરણમાં ઉછરેલા યુવાનો ભારતની આવતીકાલને વધુ ઉજ્જ્વળ બનાવશે, એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો વિચાર આપ્યો, તમામ રાજભવનોમાં રાજ્યોના સ્થાપના દિવસ ઉજવવાનો વિચાર આપ્યો. આવા કાર્યક્રમોથી બે રાજ્યોના લોકો ઘનિષ્ઠતાથી મળે છે અને પરસ્પર એકતા અને પ્રેમનો ભાવ પ્રગટે છે.

# વિશ્વમાં ૪૬ ટકા પ્લાસ્ટિક કચરો જમીનમાં ભરાયેલો છે જેમાંથી ૨૨ ટકા નિકાલપાત્ર નથી

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ "મિશન લાઇફ"નું લક્ષ્યઃ વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૮ સુધી ઓછામાં ઓછા ૧ અબજ ભારતીયો અને અન્ય વૈશ્વિક નાગરિકોને પર્યાવરણીય સંરક્ષણ માટે પ્રેરિત કરાશે

ગાંધીનગર, તા. ૦૨

સમગ્ર વિશ્વમાં ૫મી જૂન વિશ્વ પ્રતિવર્ષ પર્યાવરણ દિન તરીકે ઉજવાય છે. ઈસવીસન ૧૯૭૨માં સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આ વર્ષે ૫ જૂન ૨૦૨૩ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ૫૦ મી વર્ષગાંઠ ઉજવાશે. આ વર્ષે વિશ્વ કક્ષાની વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની યજમાની નેધરલેન્ડસની ભાગીદારીમાં પશ્ચિમ આફ્રિકામાં આવેલો કોટ ડી'આવિયર (Côted'Ivoire) દેશ કરી રહ્યો છે.



પર્યાવરણના જતન અને સંરક્ષણ માટે સંયુકત રાષ્ટ્રસંઘ યુ.એન. દ્વારા **#BeatPlasticPollution** (પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવો) થીમ હેઠળ સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટિક પ્રદૂષણના નિકાલ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વર્ષ ૨૦૨૧માં યુ.એન કલાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં (UNFCCC COP26), લોક લાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વૈશ્વિક ક્લાઈમેટ એક્શન નેરેટિવમાં "મિશન લાઈફ"ની (Mission Life) જાહેરાત કરી હતી. મિશન લાઈફનું લક્ષ્ય વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૮ સુધી ઓછામાં ઓછા ૧ અબજ ભારતીયો અને અન્ય વૈશ્વિક નાગરિકોને પર્યાવરણીય સંરક્ષણ માટે પ્રેરિત કરવાનું છે. આ મિશન હેઠળ ઉર્જા બચત, પાણીની બચત, સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ, ટકાઉ ખાદ્ય પ્રણાલી, કચરો ઘટાડવો, સ્વસ્થ જીવનશૈલી અપનાવવી અને ઈ-કચરાનું સંચાલન એમ સાત શ્રેણીઓને આવરી લેવામાં આવી છે.

આજે પ્લાસ્ટિક રોજીંદા જીવનનો એક ભાગ બની ગયું છે અને તેનો વપરાશ નિયમિતપણે થઈ રહ્યો છે. આપણે તેનો વપરાશ જાણીએ છીએ પણ તેનો નાશ કેવી રીતે કરવો તે અંગે જાગૃતિ નથી. એકંદરે, સમગ્ર વિશ્વમાં ૪૬ ટકા પ્લાસ્ટિક કચરો જમીનમાં ભરાયેલો છે જેમાંથી ૨૨ ટકા નિકાલપાત્ર નથી જે દરિયાઈ વન્યજીવોને ગૂંગળાવાની સાથે સાથે જમીનને નુકસાન પણ પહોંચાડે છે. જમીનમાં ઓગળેલુ પ્લાસ્ટિક ભૂગર્ભજળને ઝેરી બનાવીને, આરોગ્યને ગંભીર અસર કરે છે અને બીજી અનેક રીતે પર્યાવરણને હાની પહોંચાડે છે.

### શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર માતૃ સંસ્થાનું ગૌરવ



ગાંધીનગર, તા. ૦૨

ગાંધીનગર ના કારત ચાણકય ભાઈ જોષીએ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ માં ગ્રેડ એ ૧ સાથે ૯૯.૯૬% પર્સેન્ટાઈલ મેળવ્યા છે.તે બદલ સમગ્ર સમાજ તરફથી ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### આજે સે. 3-સી માં આનંદનો ગરબો

માં મેલડી આનંદ ગરબા મંડળ, સેક્ટર-૩-સી દ્વારા પુષ્પાબેન જી. રાવલ, પ્લોટ નં. ૪૮૧/૨ માં ૩ જૂને બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

# કોલવડાની ડમ્પિંગ સાઈટ પર હવે હરિયાળા વૃક્ષો દેખાશે

## રાજ્યના વનવિભાગ દ્વારા વન કવચ થીમ અંતર્ગત કોલવડા ડમ્પિંગ સાઇટને સમતળ કરીને પાંચ હેકટર વિસ્તારને ૫૦,૦૦૦ જેટલા વૃક્ષોના વાવેતરથી લીલોછમ કરાશે










ગાંધીનગર, તા. ૦૨

પૃથ્વી પરના વન એ પૃથ્વીનું સાચું ધન છે. વધતા પ્રદુષણ અને મોસમી ફેરફારો વચ્ચે આજે પર્યાવરણ સતત પ્રદૂષિત થઈ રહ્યું છે. માનવ જીવનના અસ્તિત્વ માટે આ પ્રદૂષણને અટકાવવા મનોમંથન જરૂરી બની ગયું છે. પર્યાવરણના વૈશ્વિક પડકારોને નાથવા વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે આપણા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મિશન લાઈફ' અને ગ્રીન ગ્રોથના કન્સેપ્ટ સાથે પર્યાવરણની રક્ષા માટે જનશક્તિને જોડવાનું અભિયાન ઉપાડ્યું છે. પ્રધાનમંત્રીશ્રીની પ્રેરણાથી ગુજરાતને હરિયાળું બનાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા વનકવચની થીમ સાથે વૃક્ષારોપણનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના વન કવચના અભિયાનને કારણે કોલવડાવાસીઓ આનંદમાં છે, એનું કારણ એ છે કે હવે તેમને ડમ્પીંગ સાઈટની દુર્ગંધમાંથી મુક્તિ મળવાની છે અને આ વિસ્તાર ૫૦ હજાર વૃક્ષોથી લહેરાતો થવાનો છે. વાત જાણે એમ છે કે, છેલ્લા ઘણા સમયથી કોલવડા ડમ્પિંગ સાઈટ ખાતે કચરો ઠલવાતો હતો. આ વિસ્તારમાં કચરાનો મોટો ઢગ સર્જાયો હતો. આ ડમ્પિંગ સાઈટને લીધે કોલવડા ગામના લોકો અને ગામ તરફ જતા રાહદારીઓને દુર્ગંધ અને દૂષિત વાતાવરણને લીધે ઘણું વેઠવું પડતું હતું. ગાંધીનગર જિલ્લા વન વિભાગ દ્વારા આ પ્રદૂષણને નાથવાના સંકલ્પ સાથે આ વિસ્તારને વન કવચ અંતર્ગત આવરી લઈને ડમ્પિંગ સાઈટને હરિયાળા વિસ્તારમાં પરિવર્તિત કરવાનો નિર્ધાર કરાયો છે. જેમાં પાંચ હેક્ટર વિસ્તારની આ ડમ્પિંગ સાઈટને સમતળ કરીને ત્યાં ઉચ્ચ, મધ્યમ અને નાના એમ ત્રણ સ્તરીય વૃક્ષોનું વાવેતર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ડમ્પીંગ સાઈટના સ્થાને આકાર લઈ રહેલાં આ વનમાં ઉચ્ચ કક્ષાના વૃક્ષોમાં વડ, પીપળ, સાદડ, આમળા, બહેડા, આંબા, આમલી, જાંબુ, ઉમરા, મહુડા, કણઝી, ખાખરા, લીમડા, રાયણ, કરંજ, સેવન વગેરેનું તો મધ્યમ કક્ષાના વૃક્ષોમાં ગરમાળા, વાંસ, સરગવા, બિલી, લીંબુ, ગેલેસરિયા, ટબુબિયા, ગુલમહોર, બોરસલી, બદામ, મિલેટિયા, પુત્રજીવાનું તેમજ નાના વૃક્ષોમાં કચનાર, સીતાફળ, સિંદુર, જામફળ, કાંઠી, શેતૂર, દાડમ જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. આ સિવાય અહિયાં પારિજાત, અરડૂસી, નગોળ, કુંવારપાઠુ, શતાવરી જેવા આયુર્વેદિક વૃક્ષોનું પણ વાવેતર કરવામાં આવશે. આ વનકવચ વિસ્તારમાં લોકોને ચાલવા માટે સુંદર મજાનો પબ્લિક વોક પથ, આરામથી બેસવા માટે બેન્ચ તેમજ વન કુટીરની વ્યવસ્થા કરવામાં આવશે. વન વિભાગના આ પ્રયાસથી શહેરની જનતા માટે આ વન વિસ્તાર ઓક્સિજનનો સોર્સ બનીને ઊભરી આવશે.

ગાંધીનગર જિલ્લાના વન સંરક્ષકશ્રી ચંદ્રેશ શામાદ્રે કોલવડા ડમ્પિંગ સાઈટ પરના વન કવચ પ્રોજેક્ટ વિશે જણાવતા કહે છે કે વન કવચ એ મિયાવાકી પદ્ધતિનું જ રૂપાંતરિત સ્વરૂપ છે. જેમાં ઓછામાં ઓછા એક ચોરસમીટરમાં એક વૃક્ષનું વાવેતર કરવામાં આવે છે. વન કવચમાં મોટા વૃક્ષોને ચાર મીટરના અંતરે, મધ્યમ કક્ષાના વૃક્ષોને બે મીટરના અંતરે તેમજ નાના વૃક્ષોને એક મીટરના અંતરે વાવવામાં આવશે. આમાં દરેક વૃક્ષ વચ્ચે ૧ મીટરનું અંતર જળવાઈ રહે છે. તેમણે આપેલી માહિતી પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં ૧૦ હેકટર જેટલી જમીનમાં વનકવચ આધારિત કુલ પાંચ વન તૈયાર કરાશે. કોલવડા ડમ્પિંગ સાઈટ પરના રાઉન્ડ ફોરેસ્ટર શ્રી નિલેશ ચૌધરી આ અંગે વધુ માહિતી આપતા જણાવે છે કે ગાંધીનગરની જૂની ડમ્પિંગ સાઈટ પરના કચરાને દૂર કરી તેમજ જમીનને સમથળ કરીને ૫૦૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરાશે. આ વન કવચ ગાંધીનગરને વધુ હરિયાળું બનાવવામાં મદદ કરશે.

કોલવડા ડમ્પિંગ સાઈટ ઉપર આકાર લઈ રહેલા વન કવચથી પ્રદૂષણ ફેલાતું અટકશે, એટલું જ નહીં આ વિસ્તારની હરિયાળીમાં વધારો થશે. કચરાની દુર્ગંધથી દૂર ભાગતા લોકો આ જ જગ્યાએ આકાર લઈ રહેલી આ વન સાઈટ પર ફરવા આવશે. એટલે જ જિલ્લા વન સંરક્ષકશ્રી ચંદ્રેશ શામાદ્રે જણાવે છે તેમ વન કવચ અંતર્ગત કોલવડા સાઈટનું આ કામ અન્ય સાઈટ કરતાં યુનિક કામ તરીકે ઉપસી આવશે.